# વડોદરા મહાનગરપાલિકા

## સીધી ભરતી માટેની જાહેરાત
## (જાહેરાત ક્રમાંકઃ૪૯૨/૨૦૧૬-૧૭)

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | કેટેગરી |
|---|---|---|---|
| ૧ | રેવન્યુ ઓફીસર | ૦૭ | અ.જ.જા.- ૦૧<br>સામાન્ય - ૦૬ |

**1. શૈક્ષણિક લાયકાત અને અનુભવ**

1. બી.કોમ ફર્સ્ટ કલાસ ઉપરાંત એમ.બી.એ.(ફાયનાન્સ) ની પદવી ધરાવનારને પસંદગી આપવામાં આવશે. કોમ્પ્યુટર ટ્રેનિંગ મેળવેલને પ્રાધાન્ય આપવામાં આવશે.

**2. પગાર ધોરણઃ**

1. પાંચ વર્ષ માટે રૂ.૧૫,૫૦૦/- માસિક ફિકસ વેતન

   (વડોદરા મહાનગરપાલિકા, સા.વ.વિ.ઠરાવ અંકઃ૫૯૭/૧૫-૧૬/તા.૦૨/૦૩/૨૦૧૬. મુજબ મળવાપાત્ર રહેશે.)

2. સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭ઝ-૧, તા.૧૬-૦૨-૦૬ અન્વયે માસિક ફિકસ વેતનથી પાંચ વર્ષ સુધી અજમાયશી નિમણુંકને પાત્ર થશે. ત્યારબાદ કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ કર્યેથી નિયત પગાર ધોરણ રૂ.૯૩૦૦/- થી રૂ.૩૪૮૦૦/- (ગ્રેડ પે-૪૬૦૦) થી નિયમોનુસાર સમાવવા અંગે વિચારણા કરવામાં આવશે.

**3. ઉંમરઃ**

ઉમેદવારની ઉંમર ૩૦ વર્ષથી વધુ ન હોવી જોઇએ.

**નોંધઃ ઉપરોકત જગ્યા માટે પી.આર.ઓ.નં.૨૫૫/૧૬-૧૭ થી આપવામાં આવેલ જાહેરાત રદ કરવામાં આવે છે. અગાઉ અરજી કરેલ ઉમેદવારે પણ ફરીથી અરજી કરવાની રહેશે.**

## જાહેરાતની સામાન્ય જોગવાઈઓ:

1. ઉપર જણાવેલ જગ્યા માટે ઉમેદવારી કરતાં પહેલાં ઉમેદવારે પોતે જરૂરી પાત્રતા ધરાવે છે કે નહીં તેની ખાત્રી કરવી.
2. રસ ધરાવતા ઉમેદવારોએ તા.૨૩–૦૮–૨૦૧૬ (૧૧–૦૦ કલાક) થી તા.૦૬–૦૯–૨૦૧૬ (૨૩–૫૯ કલાક) દરમ્યાન **www.vmc.gov.in** વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. ઓનલાઈન અરજી કરતાં પહેલા ભરતીને લગતી માહિતી તેમજ સુચનાઓ **www.vmc.gov.in** ઉપરથી વાંચી લેવાની રહેશે.
3. **પગાર ધોરણઃ** સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭ઝ–૧, તા.૧૬–૦૨–૦૬ અન્વયે માસિક ફિક્સ વેતનથી પાંચ વર્ષ સુધી અજમાયશી નિમણુંકને પાત્ર થશે. ત્યારબાદ કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ કર્યેથી નિયત પગાર ધોરણથી નિયમોનુસાર સમાવવા અંગે વિચારણા કરવામાં આવશે.
4. **અનામતઃ** ગુજરાત સરકારશ્રી દ્વારા માન્ય કરેલ હોય તેવા અનુ.જનજાતિ વર્ગના ઉમેદવારોને જ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે આ અંગે ગુજરાત રાજયના સક્ષમ અધિકારીશ્રી દ્વારા ઈશ્યુ કરાયેલ જાતિ અંગેનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
5. **વયમર્યાદાઃ** અરજી સ્વીકારવાની છેલ્લી તારીખને ધ્યાને લઈને ઉંમર ગણવામાં આવશે.
6. **વયમર્યાદામાં છુટછાટઃ**
   - એ. ગુજરાત સરકાર શ્રી દ્વારા માન્ય કરેલ હોય તેવા અનુ.જનજાતિ ઉમેદવારોના કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર ૦૫ (પાંચ) વર્ષની છૂટછાટ આપવામાં આવશે. **અનામત વર્ગોના ઉમેદવારો જો બીન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે નહી.**
   - બી. વડોદરા મહાનગર પાલિકા ના કર્મચારી ને ઉપલી વય મર્યાદામાં ઉંમરનો બાધ રહેશે નહી. તેઓએ પણ ઓનલાઈન અરજી કરવાની રહેશે.
7. ગુજરાત સરકારના સરકારી/અર્ધ–સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતાં અધિકારી/કર્મચારીઓએ પણ ઓનલાઈન અરજી કરવાની રહેશે. તેમજ પ્રમાણપત્રો ની પ્રત્યક્ષ ચકાસણી વખતે ઉમેદવારે સક્ષમ અધિકારી નું ના–વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

8. ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.

9. ઉમેદવારે અરજીમાં દર્શાવેલ કેટેગરીમાં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

10. ઉમેદવારે સરકાર માન્ય સંસ્થામાંથી જગ્યાને અનુરૂપ CCC+/CCC લેવલનો કોમ્પ્યુટર કોર્ષ અવશ્ય પાસ કરેલ હોવો જોઇએ અથવા નિમણુંક થયા તારીખથી ૦૬ માસ સુધીમાં સદર કોર્ષ પાસ કરવાનો રહેશે.

11. **અરજી ફી સ્વીકારવા/જમા કરાવવા અંગેઃ**

એ. જનરલ કેટેગરીના ઉમેદવારોએ નજીકની કોઇપણ બેંક ઓફ બરોડા ની શાખામાં અરજી ફી પેટે રૂ.૨૦૦/– + બેન્ક ચાર્જીસ ભરવાના રહેશે.

બી. અ.જ.જા. કક્ષાના ઉમેદવારોએ નજીકની કોઇપણ બેંક ઓફ બરોડા ની શાખામાં અરજી ફી પેટે રૂ.૧૦૦/– + બેન્ક ચાર્જીસ ભરવાના રહેશે.

સી. ઉમેદવાર જયારે VMC વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને અરજી ફી ભરવા માટે ઓનલાઇન ઉપલબ્ધ ચલણની ૩ નકલોની એક પાના ઉપર પ્રિન્ટ સુચના મળશે. ઉમેદવારોએ આ પાનાની પ્રિન્ટ મેળવી લઇ ચલણ સાથે કોઇ પણ બેંક ઓફ બરોડા ની શાખામાં ફીની રકમ રોકડેથી ભરવાની રહેશે. ચલણની એક નકલ બેંક રાખી લેશે અને બે નકલ ઉમેદવારને પરત આપશે. આ નકલ ઉમેદવારે સાચવી રાખવાની રહેશે અને પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૈખિક કસોટી સમયે કોલલેટર સાથે અચૂક લાવવાની રહેશે.

ડી. જો ઉમેદવાર ફી ભર્યાની નકલ સાથે નહી લાવે તો તેવા ઉમેદવારોને પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૈખિક કસોટી માં પ્રવેશ આપવામાં આવશે નહી.

ઇ. અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહી.

એફ. બેંક ઓફ બરોડા ની કોઇપણ શાખામાં તા.૨૪–૦૮–૨૦૧૬ થી તા.૦૯–૦૯–૨૦૧૬ સુધીમાં અરજી ફી ભરવાની રહેશે. (નાંણાકીય કામકાજના સમય દરમ્યાન)

જી. અરજી ફી ભર્યા બાદ કોઇ પણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.

12. ભરતી પ્રક્રિયા દરમ્યાન જો કોઇ ઉમેદવાર દ્વારા સીધી અથવા આડકતરી રીતે રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.

13. ઉમેદવારે અરજી પત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/નિમણુંક કોઇ પણ તબકકે રદ કરવામાં આવશે.

14. આ જાહેરાત અન્વયેની ભરતી અંગે લેખિત પરિક્ષા/મૌખિક ઇન્ટરવ્યુ બાબતે વડોદરા મહાનગર પાલિકા ના સક્ષમ અધિકારીશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવશે.

15. પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૈખિક કસોટી માટે બોલાવવામાં આવતા ઉમેદવારોને કોઇપણ જાતનું મુસાફરી ભથ્થુ મળવાને પાત્ર થશે નહીં.

16. આ જાહેરાત કોઇ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક/અધિકાર મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા ને રહેશે.

17. સદર જાહેરાત પ્રસિધ્ધ થયા બાદ ખાલી જગ્યામાં વધારો થતાં તદ્અનુસાર, રોસ્ટર ક્રમ ધ્યાને રાખી તે મુજબ જગ્યા ભરવા કમિશ્નરશ્રીને અધિકાર રહેશે.

18. ઉમેદવારને ઓનલાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઇ સુચના માટે **www.vmc.gov.in** વેબસાઇટ સતત જોતા રહેવા અનુરોધ છે.

**તા.૨૨-૦૮-૨૦૧૬.**

**મ્યુનિ.કમિશ્નર**
**વડોદરા મહાનગરપાલિકા.**